ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# માત્ર ૨૧ કલાકમાં યુ-ટર્ન લેવાતા ચર્ચાસ્પદ બનેલ ધોરણ-૧૨ની પરીક્ષા

## પરીક્ષા રદ કરવાના પ્રધાનમંત્રીના હિંમતભર્યા નિર્ણય પાછળ ત્રીજી લહેરના આગમનના એંધાણ વર્તાય છે

રાજ્ય સરકારે ધો. ૧૨ની પરીક્ષા માટે યુ-ટર્ન લીધો. મંગળવારે સાંજે ૪.૪૫ કલાકે પરીક્ષાનો કાર્યક્રમ જોર કરનાર સરકારે બુધવારે બપોરે ૧.૨૫ કલાકે પરીક્ષા રદ કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો..!! નિર્ણય સાચો-ખોટો-સારો-ખરાબ એ ચર્ચાને એકબાજુ રાખીએ તો પણ માત્ર ૨૧ કલાકમાં જ વિદ્યાર્થીઓનું હિત સરકારને યાદ આવી ગયું..?! પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓના આરોગ્યની ચિંતા વ્યક્ત કરી સીબીએસસીઈની પરીક્ષા રદ કરવાની જાહેરાત કરતાની સાથે રાજ્ય સરકારે નિર્ણય બદલવો પડ્યો. એનો અર્થ એવો નીકળી શકે કે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચે સંકલનનો અભાવ છે. સાંજે ૬.૦૦ વાગે પ્રધાનમંત્રી આજ પ્રશ્ન પર દેશના શિક્ષણમંત્રીઓ સાથે ચર્ચા કરવાના જ હતાં તો અઢી કલાક પહેલાં કાર્યક્રમ જાહેર કરવાની ઉતાવળ કરવાની ક્યાં જરૂર હતી..?! શિક્ષણ વિભાગ અને માધ્યમિક શિક્ષણ બોર્ડ વચ્ચે પણ સંકલનનો અભાવ હોઈ શકે છે જેના કારણે બોર્ડના ઉત્સાહી અધિકારીઓએ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દીધો હોય તેમ પણ બને..! પરંતુ આ બધાની વચ્ચે નિર્ણય યોગ્ય હોવા છતાં ટીકાને પાત્ર રહ્યો..!! અલબત્ત વારંવાર યુ-ટર્ન લેવાની છાપ ધરાવતી સરકારમાં વધુ એક યુ-ટર્નનો મેળો થયો.

**સમયસર**

ધો. ૧૨ની પરીક્ષા રદ થવાનો નિર્ણય અપેક્ષિત હતો, પરંતુ જ્યારે કેસ ૬૭ ટકાથી પણ વધારે ઘટી રહ્યા છે, રાજ્ય અને દેશમાં રીકવરી રેટ પણ નોંધપાત્ર રીતે વધી રહ્યો છે ત્યારે પ્રધાનમંત્રીએ હિંમતભેર પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો છે તેના પણ બે અર્થ તારવી શકાય તેમ છે. કોરોનાની ત્રીજી લહેર લગભગ નજીકના ભવિષ્યમાં આવી રહી હોવાનો સંકેત પ્રધાનમંત્રી પામી ગયા હોવા જોઈએ. અને હા..! સરકાર દ્વારા પ્રકાશિત થતાં આંકડાઓ જે હોય તે પણ સરકારના ટોચના અધિકારીઓ અને પદાધિકારીઓને સાચી સ્થિતિની ખબર હોવાથી પાણી પહેલાં પાળ બાંધવાના પ્રયાસરૂપે પણ પરીક્ષા રદ કરી હોવી જોઈએ. બીજી લહેરના ગંભીર પરિમાણો અને પરિણામોથી વાકેફ વહિવટીતંત્ર અને શાસકો ત્રીજી લહેરના આગમનના એંધાણથી ચેતી ગયા છે તેમ પણ કહી શકાય જે સારૂ પણ છે... અને સાચું પણ છે. ધોરણ-૧૨ની પરીક્ષા રદ થવાનો મામલો બુધવારે ટોક ઓફ ધ ટાઉન બની ગયો હતો.

# આવતીકાલથી ગાંધીનગર સહિત ૩૬ શહેરોમાં દુકાનો ૯ વાગ્યા સુધી ખુલ્લી રહેશે

## ૧૧ જુન સુધી નવા સમય સુધી દુકાનો ખુલ્લી રાખવામાં આવશે, અગાઉ કરતાં ત્રણ કલાકની મર્યાદામાં વધારો : મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની મહત્વપૂર્ણ જાહેરાત

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણીએ રાજ્યના ૩૬ શહેરોમાં તમામ દુકાનો વાણિજિયક સંસ્થાઓ લારી ગલ્લા શોપિંગ કોમ્પલેક્ષ હેરકટિંગ સલૂન બ્યુટી પાર્લર માર્કેટિંગ યાર્ડ તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિ તા.૪ જૂનથી દુકાનો ખુલ્લી રાખવાનો તથા હોમ ડિલિવરી માટેની સમયની મર્યાદામાં વધારો કર્યો છે. અગાઉ આ મર્યાદા મુજબ બપોરે ૩ વાગ્યા સુધી જ દુકાનો ખુલ્લી રાખી શકાતી હતી. જોકે, હવે મુખ્યમંત્રીએ આ સમયની મર્યાદા વધારી છે. આ નિર્ણયના કારણે ૩૬ શહેરોના નાગિરકો અને વેપારીઓને ખૂબ રાહત મળશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના ૩૬ શહેરોમાં તમામ દુકાનો વાણિજિયક સંસ્થાઓ લારી ગલ્લા શોપિંગ કોમ્પલેક્ષ હેરકટિંગ સલૂન બ્યુટી પાર્લર માર્કેટિંગ યાર્ડ તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિ તા.૪ જૂન થી સવારે ૯ વાગ્યા થી સાંજે ૯ વાગ્યા સુધી ખુલ્લા રાખવા ની છૂટ આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ કોર કમિટીમાં આ નિર્ણય કરવા સાથે અન્ય પણ કેટલાક નિર્ણયો કર્યા છે.

તે મુજબ હવે રેસ્ટોરન્ટ દ્વારા કરવામાં આવતી હોમ ડિલિવરી પણ રાત્રે ૧૦ વાગ્યા સુધી થઈ શકશે.ક્હ્દ/l રાજ્યમાં હાલ ૩૬ શહેરોમાં જે રાત્રિ કરફ્યુ અમલમાં છે તેની મુદત પણ વધુ એક અઠવાડિયું વધારવાની મુખ્યમંત્રીએ જાહેરાત કરી છે. એટલે કે આ ૩૬ શહેરોમાં ૪ જૂન થી ૧૧ જૂન સુધીના દિવસો દરમ્યાન રાત્રે ૯ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી આ રાત્રિ કરફ્યુ નો અમલ કરવાનો રહેશે.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં કોરોના વાયરસના કેસમાં દિનપ્રતિદિન ઘટાડો થઈ રહ્યો છે. છતાં સરકાર હજુ પણ રાત્રિ કર્ફ્યૂ નાબૂદ કરવાની વિચારણામાં નથી. સ્થિતિ થાળે પડતા સરકાર આ વખતે નક્કર સ્ટ્રેટેજી સાથે અનલૉક કરી રહી છે. આ એવા શહેરો છે જ્યાં કોરોનાએ માજા મૂકી હતી. જન સામાન્યના જીવનને મોટી ખુંવારી પહોંચી હતી તેવામાં હવે ધીરે ધીરે સ્થિતિ સામાન્ય કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.



પક્ષી પરબ - ઉનાળાની કાળજાળ ગરમીમાં માણસ જેવો માણસ પણ જ્યારે પાણી માટે તરસ અનુભવતો હોય ત્યારે અબોલ પશુ-પક્ષીઓ પાણી માટે કેવી-કેવી સમસ્યા અનુભવતા હશે એ તો માત્ર કલ્પનાનો જ વિષય છે... પરંતુ સમાજમાં અબોલ પશુ-પક્ષીઓના સેવાર્થીઓની સંખ્યા પણ નોંધપાત્ર છે અને સલામને પાત્ર છે... ગાંધીનગર કે ગુજરાતમાં પશુ-પક્ષીઓની પરબ સેવા ખૂબ જ અનોખી રીતે ચાલી રહી છે... સાંસ્કૃતિક વિરાસત જાળવવાનો પ્રયાસ પણ હજુ સમાજમાં થાય છે એનો સંતોષ પણ અનુભવાય છે... દર ત્રણ-ચાર ઘર પાસે પક્ષીઓ માટે માટીના કુંડા કે ગાય-કુતરા માટે 'ચાટ'ની વ્યવસ્થા હજુ પણ જોવા મળે છે... આ ઉપરાંત પક્ષીઓને ચણ નાખવામાં પણ લાખો પરિવારો ઉત્સુક હોય છે...

# જિલ્લા ભાજપના નવનિયુક્ત પ્રમુખ આજે ચાર્જ સંભાળશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા ભાજપના નવનિયુક્ત જિલ્લા પ્રમુખ અનિલભાઈ પટેલ આજે ૧૨.૩૯ ના વિજય મુહૂર્તમાં તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે.

જિલ્લા ભાજપના પ્રમુખ નૌલેષ શાહના અનુગામી બની રહેલા અનિલભાઈ પટેલ સંગઠ્ઠનના માહિર ગણવામાં આવે છે. તેઓ આજે પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, જિલ્લાના પ્રભારી હર્ષદભાઈ પટેલ અને પંકજભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે. નવા પ્રમુખ આજે ચાર્જ સંભાળવાના હોવાથી અને પ્રદેશ નેતાઓની હાજરી હોવાથી સે. ૨૧ સ્થિત કમલમ્ કાર્યાલય ખાતે ખાસ મંડપ૫ તૈયાર કરવામાં આવ્યો છે.

કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે આ ચાર્જ સંભાળવવાના કાર્યક્રમ માટે માત્ર ૫૦ આગેવાનોને જ આમંત્રણ આપવામાં આવ્યુ છે. આ સમગ્ર કાર્યક્રમનું સોશ્યલ મિડિયા પરથી ખાસ લાઈવ પ્રસારણ કરવામાં આવનાર છે.

# આખરે ૬ વર્ષ બાદ પેથાપુર મહુડી માર્ગના રીસરફેસીંગનુ કામ શરૂ

ગાંધીનગર તા ૨

પેથાપુર મહુડી માર્ગના રીસરફેસીંગનુ કામ શરૂ કરી દેવાયુ છે. પેથાપુર મહુડી માર્ગને વર્ષ ૨૦૧૫ દરમિયાન ફોરલેન કરવાનુ કામ પુર્ણ કરાયુ હતુ. જયારે ૬ વર્ષના અંતે આ પ્રવાસન પથના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જો કે ૩૬ કી મી ના આ માર્ગના રીસરફેસીંગની કામગીરી પુર્ણ થતા એક વર્ષ જેટલો સમય લાગશે.

ગાંધીનગર મહુડીને જોડતા આ માર્ગ પર ભાવિકોની વિશેષ અવરજવર હોય છે. પેથાપુર મહુડી માર્ગને અગાઉ પ્રવાસન પથ જાહેર કરાયા બાદ આ માર્ગને ચાર માર્ગીય કરવા માટે આયોજન કરાયુ હતુ. પેથાપુર મહુડી માર્ગને ફોરલેન બનાવવા માટે પણ તોતિંગ ખર્ચ કરાયો હતો. જયારે વર્ષ ૨૦૧૫ માં આ માર્ગનુ કામ પુર્ણ થયુ હતુ. ટ્રાફિકની અવરજવરના લીધે સતત આ માર્ગ પર વાહનોનો ધમધમાટ જોવા મળે છે. મહુડી તરફ જતા ભાવિકોની સંખ્યા પણ વિશેષ હોવાથી આ માર્ગના વાઈડનીંગનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે માર્ગ સલામતીના પરિબળોને અનુલક્ષી રોડ ફર્નિચર પણ તૈયાર કરાયુ છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી આ માર્ગનુ રીસરફેસીંગ ન થતા માર્ગ ઉબડ ખાબડ બન્યો હતો. ૬ વર્ષના અંતે મગરની પીઠ સમાન બનેલા પ્રવાસન પથને ચકાચક બનાવવા માટે આયોજન કરવામાં આવ્યુ હતુ. ૩૬ કી મીના માર્ગનુ રીસરફેસીંગ કરવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સરકારી પ્લાન્ટમાંથી માર્ગના રીસરફેસીંગનુ કામ કરવામાં આવી રહ્યુ છે. જયારે હાલ આ માર્ગને યોગ્ય કરવા છેલ્લા એક મહીનાથી કામ શરૂ કરી દેવાયુ છે. આ કામગીરી પુર્ણ થતા હજુ એક વર્ષ જેટલો સમય લાગશે. જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૪૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જો કે કોરોના કાળમાં હજુ માર્ગ સુધારણાની કામગીરીના કામમાં ઝડપ આવી નથી.

# જિલ્લા પંચાયતના નવા મકાન માટે ચોથીવાર સામાન્ય સભામાં પ્રસ્તાવ લાવવામાં આવશે

## નવમી જૂને જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા મળશે : ડી.ડી.ઓ. અને પ્રમુખ માટે નવી કાર ખરીદવા અંગે પણ દરખાસ્ત થશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ચોથીવાર જિલ્લા પંચાયતના નવા મકાન માટે જમીન ફાળવણી અને તે અંગેની દરખાસ્ત કરવા અંગેનો પ્રસ્તાવ પસાર કરવામાં આવશે.

આગામી ૯મી જૂનના રોજ ગાંધીનગર જિલ્લા પંચાયતની મળનાર ખાસ સામાન્ય સભામાં આ મુદ્દો એજન્ડામાં સૂચવવામાં આવ્યો છે.

નવમી જૂનને બુધવારે ૧૧ વાગે સરદાર પટેલ હોલમાં પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળનાર ખાસ સામાન્ય સભામાં પંચાયત પ્રમુખ અને જિલ્લા વિકાસ અધિકારી માટે નવી ગાડી ખરીદવાનો મુદ્દો પણ સૂચવવામાં આવ્યો છે.

સરકાર એક તરફ કરકસરની વાતો કરે છે અને ભાજપની બહુમતિ ધરાવતી પંચાયતમાં નવી ગાડી ખરીદવાની દરખાસ્ત રજુ કરવામાં આવતાં જિલ્લાના રાજકારણમાં ભારે ગરમાગરમ ચર્ચાઓ જોવા મળી રી છે.

જિલ્લા પંચાયતની આ સામાન્ય સભામાં ગ્રામ્યકક્ષાએ કોરોનાની મહામારી સમયે જે કોવિડ કેર સેન્ટર શરૂ કરવા માટે ફાળવવામાં આવેલ રૂ. ૪૨.૯૦ લાખની રકમને પણ બહાલી આપવા ઉપરાંત વિવિધ સમિતિઓના ચેરમેનોને તેમની સત્તા સોંપણી કરવા અંગે પણ પ્રસ્તાવ પસાર કરવામાં આવશે.

આ સામાન્ય સભા ખાસ સામાન્ય સભા હોવાથી પ્રશ્નોત્તરીનો સમય રાખવામાં આવ્યો નથી. જિલ્લા પંચાયતના નવા મકાન માટે જમીન ફાળવણી અંગે અગાઉ થયેલ દરખાસ્તોની ફાઈલો અભેરાઈએ પડી છે હવે ભાજપે એક દસકથી પણ વધારે સમય બાદ સત્તાના સૂત્રો સંભાળ્યા છે ત્યારે સરકાર કેવુ વલણ લેશે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

જિલ્લા પંચાયતના કર્મયોગીઓ પદાધિકારીઓના સ્વજનોના કોરોનાની કપરી મહામારીમાં થયેલા દુઃખદ અવસાન અંગે આ બેઠકમાં ખાસ પ્રસ્તાવ શોકાંજલિનો લાવી અને તેમના માનમાં બે મિનિટનું મૌન પણ પાળવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યાર પછી આ બીજી સામાન્ય સભા પણ ખાસ સામાન્ય સભા તરીકે જ યોજવામાં આવી રહી હોવાથી સભ્યોમાં પણ ગણગણાટ જોવા મળી રહ્યો છે.

# જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટ્યુ : ૧૬ નવા કેસ નોંધાયા

## ગાંધીનગર-૧, માણસ-૨, કલોલમાં-૪ કેસ નોંધાયા : શહેરમાં પેથાપુરમાં ૪, સે. ૭ માં બે કેસ સહિત કુલ ૯ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના નવા ૧૬ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૭ અને ગાંધીનગર શહેરમાં ૯ કેસ નોંધાયા છે. કોરોનાનું સંક્રમણ ઘટતાં રિકવરી રેટમાં પણ નોંધપાત્ર સુધારો નોંધાયો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૭ કેસમાં ગાંધીનગરમાં ૧, કલોલમાં ૪ અને માણસામાં બે કેસ નોંધાયા છે. જિલ્લામાં આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકામાં ગિયોડ ગામેથી એક કેસ મળી આવેલ છે. માણસા તાલુકામાં બિલોદરા ગામેથી બે કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં આજે ૪ કેસ નોંધાયા છે. તાલુકાના ડિંગુચા ગામેથી ૩ કેસ અને કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૩૩૫ લોકો કોરોના મુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૩૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૨૩૩૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે નવ કેસ કોરોનાના નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં બે દર્દી ૬૦ થી વધુ વયના છે જ્યારે એક દર્દી ૨૦ થી ઓછી વય ધરાવે છે. આજે નોંધાયેલ કેસમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે પેથાપુરમાંથી ૪ કેસ, સે. ૭ માંથી ૨ કેસ તેમજ કુડાસણ, ૩-એ-ન્યુ અને સરગાસણમાંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૫૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હવે ૩૫૦ જેટલા એક્ટીવ દર્દીઓ સારવાર હેઠળ છે. તંત્રએ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું સઘન મોનીટરીંગ કરવા પર ભાર મુક્યો છે.

# ગુડાની આવાસ યોજના અન્વયે અત્યાર સુધી ૧૫ હજાર ફોર્મનુ વિતરણ કરાયુ

## કોરોનાને અનુલક્ષી ઓનલાઇન ફોર્મ ભરી શકાય તેવી વ્યવસ્થા કરાઇ : ફોર્મ ભરવાની મુદત પણ ૩૦ જુન સુધી લંબાવાઇ

ગાંધીનગર તા ૨

ગુડા દ્વારા વાવોલ અને સરગાસણ સહીતના ગુડા વિસ્તારમાં નવા આવાસો બાંધવા માટે આયોજન કરાયુ છે. આ વિસ્તારમાં આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટે ૨૧૦૦ જેટલા નવા આવાસો બાંધવાનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. જયારે આવાસોને અનુલક્ષી અત્યાર સુધી ૧૫ હજાર જેટલા ફોર્મનુ વિતરણ પણ કરી દેવાયુ છે. જેમાંથી ૫૦૦ જેટલા ફોર્મ ભરીને અરજદારોએ સુપ્રત કરી દીધા છે. બીજીતરફ હવે નાના આવાસોને અનુલક્ષીને પણ ગુડાએ ઓનલાઈન ફોર્મ ભરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવી છે. આ ઉપરાંત કોરોનાને અનુલક્ષી ફોર્મ ભરવાની તારીખ પણ ૩૦ જુન સુધી લંબાવી દેવામાં આવી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં ૨૧૦૦ જેટલા નવા આવાસો બાંધવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. વાવોલ ,સરગાસણ સહીતના વિસ્તારમાં નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. આર્થિક રીતે નબળા પરિવારજનો માટે આ ખાસ પ્રકારના આવાસો બનાવવામાં આવી રહ્યા છે. અગાઉ ગુડાએ રાયસણ, ચિલોડા અને અડાલજ તેમજ કુડાસણમાં

● અનુસંધાન પાન-૭ પર

# એટીવીટી અંતર્ગત શિક્ષણ-આરોગ્યમાં ખૂટતી કડીઓ જોડવામાં આવશે

## પ્રાંત અધિકારીના અધ્યક્ષપદે આજે મળેલ બેઠકમાં ૧.૨૫ કરોડના કામો સૂચવવા જણાવાયુ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકામાં એ.ટી.વી.ટી. યોજના અંતર્ગત રૂ. ૧.૨૫ કરોડના વિકાસ કામોમાં ખાસ કરીને શિક્ષણ અને આરોગ્ય સેવામાં ખૂટતી કડીઓને જોડવા માટે સૂચવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પ્રાંત અધિકારી ભોરણીયાના અધ્યક્ષપદે આજે મળેલ બેઠકમાં ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, તાલુકા વિકાસ અધિકારી ધાંધલ્યા તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે આંગણવાડી પ્રા. શાળાના સંકુલો તેમજ આરોગ્ય કેન્દ્રોમાં ખુટતી કડીઓના કામો સોમવાર સુધી સૂચવવા માટેન મુદત આપવામાં આવી છે. જેથી તાંત્રિક અને વહીવટીય મંજૂરીની પ્રક્રિયા ઝડપથી હાથ ધરી શકાય.

આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના સમયમાં અમલી બની હતી. આ યોજના થકી વિકાસમાં ખૂટતી કડીઓને જોડી અને સર્વાંગી વિકાસને વધુ સુદ્દઢ બનાવવાનો હેતુ છે. આ માટે દરેક તાલુકાને ખાસ ગ્રાન્ટ વસ્તીના ધોરણે ફાળવવામાં આવે છે.

એ.ટી.વી.ટી.ના વિકાસ કામોમાં આ વખતે આંગણવાડી અને ગામને જોડતો માર્ગ, આર.ઓ. પ્લાન્ટની સુવિધા, પ્રા. શાળામાં પણ પેયજળની ખૂટતી કડી, એપ્રોચ માર્ગ, ક્લાસરૂમના મજબુતીકરણ માટેના કામ ઉપરાંત આરોગ્ય કેન્દ્રોમાં લોકોને બેસવાની સુવિધા, બાયો મેડિકલ વેસ્ટના નિકાલ માટેની યોગ્ય વ્યવસ્થા, આરોગ્ય કેન્દ્રોમાં પણ પેયજળની વ્યવસ્થા ઉભી કરવા પર ભાર મુકવામાં આવ્યો છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com